### ડભોઇ પંથકના ખેડૂતોમાં ખુશીનો માહોલ

# જોજવા-વઢવાણા સિંચાઈ યોજના માટે રૂ.૧૩.૩૦ કરોડનો ખર્ચ મંજૂર કરાયો

### ધારાસભ્ય શૈલેષભાઇ મહેતાની સફળ રજૂઆતથી ડભોઇ વિસ્તારના ખેડૂતોમાં આનંદની લહેર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩
વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારના નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને દૂરગામી નિર્ણય લેવામાં આવ્યો છે. ડભોઈ પંથકની જીવાદોરી સમાન જોજવા-વઢવાણા સિંચાઈ યોજના અંતર્ગત આવતી ડભોઈ મુખ્ય નહેરના નવીનીકરણ અને આધુનિકીકરણ માટે રાજ્ય સરકારે ૧૩,૩૦,૬૮,૦૦૦/- ના મસમોટા અંદાજપત્રની વહીવટી મંજૂરી પ્રદાન કરી દીધી છે. ડભોઈના લોકપ્રિય ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા દ્વારા આ અંગે સતત કરવામાં આવેલી સક્રિય રજૂઆતો આખરે ફળી છે, જેના કારણે સમગ્ર પંથકના ખેડૂત આલમમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ડભોઈ મુખ્ય નહેરના ૦ થી ૬૮૪૦ મીટર સુધીના લાંબા ભાગમાં વ્યાપક નવનિર્માણ અને આધુનિકીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. વર્ષો જૂની આ નહેર જર્જરિત થવાને કારણે તથા જાળવણીના અભાવે પાણીની વહન ક્ષમતામાં મોટો ઘટાડો થયો હતો. હવે આ આધુનિકીકરણથી પાણી પૂરપાટ વેગે અને વિના અવરોધે આગળ વધી શકશે, જેનાથી ડભોઈ તાલુકાના છેવાડાના વિસ્તારોમાં આવેલા ખેતરો સુધી સિંચાઈનું પાણી પૂરતા પ્રમાણમાં પહોંચી શકશે અને પાણીની ખેંચ નિવારી શકાશે. આ ઉપરાંત, લીકેજ અને ધોવાણ અટકવાથી મૂલ્યવાન જળસંપત્તિનો એક પણ ટીપાંનો બગાડ થશે નહીં. રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલા આ પ્રોજેક્ટમાં કામગીરીની પારદર્શિતા અને ઉચ્ચ ગુણવત્તા જળવાઈ રહે તે માટે વિશેષ નિયમો અને શરતો નિર્ધારિત કરવામાં આવી છે. પ્રત્યક્ષ કામ શરૂ કરતા પહેલા સ્થળ તપાસ, સચોટ મોજણી અને નિષ્ણાતોની પૂર્વ મંજૂરી મેળવવી અનિવાર્ય રહેશે, તેમજ સમગ્ર પ્રોજેક્ટની ટેન્ડર પ્રક્રિયા સરકારના પ્રવર્તમાન ઈ-ટેન્ડરિંગ નિયમો અનુસાર સંપૂર્ણ પારદર્શિતાથી પાર પાડવામાં આવશે. પ્રોજેક્ટની દેખરેખ વધુ સઘન બનાવવા માટે તેને 'સી.એમ. ડેશબોર્ડ' અને 'પી.એમ. ગતિ શક્તિ ગુજરાત' પોર્ટલ સાથે જોડવામાં આવશે. આ સાથે જ, કામ શરૂ કરતા પહેલા, કામ ચાલુ હોય ત્યારે અને કામ પૂર્ણ થયા બાદના તબક્કાવાર ફોટોગ્રાફ્સનું કાળજીપૂર્વક રેકોર્ડ જાળવવામાં આવશે જેથી ગુણવત્તા સ્પષ્ટ ચકાસી શકાય. જમીન સંપાદન, વન વિભાગની જરૂરી મંજૂરીઓ અને સ્થાનિક સ્તરે લોક સહકાર પ્રાપ્ત થયા પછી જ પ્રત્યક્ષ વર્ક ઓર્ડર આપવામાં આવશે.સિંચાઈની આ સુવિધા સુદ્રઢ અને મજબૂત બનવાથી ડભોઈ પંથકના કૃષિ ઉત્પાદનમાં મોટો ઉછાળો આવશે. સમયસર અને પૂરતું પાણી મળવાથી ખેડૂતો વધુ સારી રીતે પાક લઈ શકશે, જેનાથી તેમની આર્થિક સ્થિતિ વધુ સદ્ધર બનશે.

### ઝારખંડમાં ABVP પર લાઠીચાર્જના વિરુદ્ધમાં વિરોધ પ્રદર્શન

# ઝારખંડમાં ABVP પર થયેલા લાઠીચાર્જનો એમએસયુમાં વિરોધ પ્રદર્શન, અટકાયત



( પ્રતિનિધિ ) વડોદરા,તા.13
ઝારખંડ સરકાર અને પોલીસ પ્રશાસન દ્વારા એબીવીપીના વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા લાઠીચાર્જનો પડઘો વડોદરામાં પણ પડ્યો છે. આ ઘટનાના વિરોધમાં એમએસયુના એબીવીપી દ્વારા ઉગ્ર આંદોલન કરીને રસ્તો જામ કર્યો હતો. પોલીસે રસ્તો જામ કરનાર એબીવીપીના અધ્યક્ષ સહિત કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. ઝારખંડમાં 11 ઓગસ્ટના રોજ એબીવીપી દ્વારા વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન એકત્રીકરણ સ્થળેથી જ વિદ્યાર્થીઓની અટકાયત કરીને તેમના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. ઝારખંડ સરકાર વિદ્યાર્થીઓનો અવાજ સાંભળતી નથી તેવો આક્ષેપ કરીને એબીવીપી દ્વારા સમગ્ર દેશમાં આજે 1300થી વધુ કોલેજોમાં ઉગ્ર આંદોલનની હાકલ કરવામાં આવી હતી. આ હાકલના ભાગરૂપે એમએસયુના એબીવીપીના વિદ્યાર્થી આગેવાનો અને કાર્યકર્તાઓ પેવેલિયન મેદાન ખાતે એકત્ર થયા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ કાળી પટ્ટી બાંધીને હાથમાં પ્લે કાર્ડ સાથે રેલી કાઢી હતી. રેલી ફતેગંજ ચાર રસ્તા સુધી પહોંચીને ચક્કાજામ કરવાનો પ્રયાસ કરી રહી હતી. તે દરમિયાન સ્થળ પર પહોંચેલી પોલીસે કાયદો અને વ્યવસ્થાના કારણસર એબીવીપીના અધ્યક્ષ સહિત આંદોલનમાં જોડાયેલા વિદ્યાર્થી કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. વિદ્યાર્થીઓએ ઝારખંડ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને દોષી પોલીસ અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી.

### ગોરવા વિસ્તારમાં આવેલા દશામા તળાવ ખાતે

# પોલીસ-મહાનગરપાલિકાની સંયુક્ત સ્થળ મુલાકાત કરાઇ



વડોદરાઃ આગામી દિવસોમાં દશામા તથા ગણેશ ઉત્સવની સ્થાપના અને વિસર્જનને ધ્યાનમાં રાખીને ગોરવા વિસ્તારમાં આવેલા દશામા તળાવ ખાતે પોલીસ અને મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા સંયુક્ત સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. મદદનીશ પોલીસ કમિશનર બી ડિવિઝન આર ડી કવા પી.આઈ કિરિટ લાઠીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી મુલાકાત દરમિયાન તળાવ પર જરૂરી સુવિધાઓ, પાણી, વીજળી અને રોડ વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓ અને કોર્પોરેટર સાથે બેઠક યોજી દશામા તથા ગણેશ વિસર્જન દરમિયાન શ્રદ્ધાળુઓની સલામતી, ટ્રાફિક વ્યવસ્થા અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

### રાજપૂતાના સ્ટેનલેસનો પ્રથમ ત્રિમાસિક ગાળામાં મજબૂત દેખાવ

વડોદરાઃ રાજપૂતાના સ્ટેનલેસ લિમિટેડે નાણાંકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મજબૂત નાણાંકીય કામગીરી નોંધાવી છે. 30 જૂન, 2026ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં કંપનીની કામગીરીમાંથી આવક વાર્ષિક ધોરણે 30.5 ટકા વધીને રૂ. 306.54 કરોડ થઈ છે. ગયા વર્ષે સમાન ગાળામાં આવક રૂ. 234.98 કરોડ હતી. કંપનીનો કર પૂર્વેનો નફો 83 ટકા વધીને રૂ. 27.24 કરોડ થયો છે, જ્યારે ચોખ્ખો નફો 80.5 ટકા વધીને રૂ. 20.20 કરોડ નોંધાયો છે. ગયા વર્ષે ચોખ્ખો નફો રૂ. 11.19 કરોડ હતો. શેરદીઠ કમાણી પણ રૂ. 1.62થી વધીને રૂ. 2.42 થઈ છે. ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શંકરલાલ ડી. મહેતાએ જણાવ્યું કે, સ્ટેનલેસ સ્ટીલ પ્રોડક્ટ્સની વધતી માંગ, કામગીરીની કાર્યક્ષમતા અને શિસ્તબદ્ધ અમલના કારણે કંપનીએ મજબૂત પરિણામો આપ્યાં છે. કંપની ઉત્પાદન ક્ષમતા વધારવા અને બજારમાં હાજરી વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### શેરખી રેલવે ગરનાળું બન્યું જોખમી

# શેરખીના રેલવે ગરનાળામાં વરસાદી પાણી અને ખાડાથી વાહનચાલકો ત્રસ્ત



( પ્રતિનિધિ ) વડોદરા,તા.13
ચોમાસાની શરૂઆત સાથે જ શહેર અને આસપાસના રસ્તાઓની બિસ્માર હાલત ફરી સામે આવી છે. શેરખી સ્થિત ગાયત્રી આશ્રમ તરફ જવાના મુખ્ય માર્ગ પર આવેલું રેલવે ગરનાળું આ વખતે પણ વાહનચાલકો માટે માથાનો દુખાવો બની ગયું છે. ગરનાળામાં વરસાદી પાણી ભરાવા અને રસ્તા પર પડેલા ઊંડા ખાડાના કારણે અહીંથી પસાર થવું જોખમી બન્યું છે. રેલવે ગરનાળા પાસે વરસાદી પાણીના યોગ્ય નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી થોડા વરસાદમાં જ આખું ગરનાળું પાણીમાં ગરકાવ થઈ જાય છે. પાણીનો નિકાલ ન થતા કલાકો સુધી પાણી ભરાયેલું રહે છે. તેની સાથે જ રસ્તા પર વાહનોની અવરજવરથી મસમોટા ખાડા પડી ગયા છે. પાણી ભરાવાના કારણે ખાડાની ઊંડાઈનો અહીં દરરોજ નાના-મોટા અકસ્માત સર્જાવાની શક્યતા વધી ગઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે સ્થિતિ વધુ વિકટ બને છે. અંધારામાં અને પાણીમાં ખાડા દેખાતા ન હોવાથી વાહનચાલકોને દુર્ઘટનાનો ભય સત સતાવી રહ્યો છે. સ્થાનિક રહીશો અને રોજ આ માર્ગેથી પસાર થતા વાહનચાલકોનું કહેવું છે કે, આ સમસ્યા નવી નથી. દર ચોમાસામાં પુનરાવર્તન ન થાય. હાલ શેરખી ગરનાળાની હાલત દિવસે-દિવસે વણસી રહી છે. વાહનચાલકોએ તંત્રને તાત્કાલિક ધોરણે પાણીનો નિકાલ અને રસ્તાના સમારકામની કામગીરી હાથ ધરવા માંગ કરી છે. હવે સવાલ એ છે કે તંત્ર કોઈ મોટી દુર્ઘટના થાય તે પહેલા જાગશે કે પછી કોઈ જાનહાની બાદ જ પગલાં લેવાશે.

### બુકિંગ 15 ઓગસ્ટથી શરૂ થશે

# પશ્ચિમ રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનોના વધારાના ફેરાની જાહેરાત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.13
પશ્ચિમ રેલવે દ્વારા ગણપતિ મહોત્સવ દરમિયાન વધતી ભીડને ધ્યાનમાં રાખીને વિવિધ ગણપતિ સ્પેશિયલ ટ્રેનોના વધારાના ફેરા ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેકે આ અંગેની માહિતી આપી હતી. ટ્રેનોના વધારાના ફેરામાં ટ્રેન નં. 09013 મુંબઈ સેન્ટ્રલ - ઠોકુર સ્પેશિયલઃ 8 સપ્ટેમ્બર, ટ્રેન નં. 09014 ઠોકુર - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલઃ 9 સપ્ટેમ્બર, ટ્રેન નં. 09019 મુંબઈ સેન્ટ્રલ - સાવંતવાડી રોડ સ્પેશિયલઃ 9 સપ્ટેમ્બર, ટ્રેન નં. 09020 સાવંતવાડી રોડ - મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલઃ 10 સપ્ટેમ્બર, ટ્રેન નં. 09035 બાંદ્રા ટર્મિનસ - રત્નાગિરિ અનારક્ષિત સ્પેશિયલઃ 10 સપ્ટેમ્બર, ટ્રેન નં. 09036 રત્નાગિરિ - બાંદ્રા ટર્મિનસ અનારક્ષિત સ્પેશિયલઃ 11 સપ્ટેમ્બર, ટ્રેન નં. 09114 વડોદરા - રત્નાગિરિ સ્પેશિયલઃ 8 અને 22 સપ્ટેમ્બર, ટ્રેન નં. 09113 રત્નાગિરિ - વડોદરા સ્પેશિયલઃ 9 અને 23 સપ્ટેમ્બર આ ઉપરાંત વલસાડ-રત્નાગિરિ, ઉધના-રત્નાગિરિ, વિશ્વામિત્રી-રત્નાગિરિ રૂટની સ્પેશિયલ ટ્રેનોના પણ 7 થી 10 સપ્ટેમ્બર દરમિયાન વધારાના ફેરા ચાલશે. જ્યારે, ટ્રેન નં. 09013, 09019, 09030, 09022, 09114, 09110 અને 09124 ના વધારાના ફેરાનું બુકિંગ 15 ઓગસ્ટથી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેનો વિશેષ ભાડા પર ચાલશે. ઉલ્લેખનિય છે કે વડોદરામાં મોટાપ્રમાણમાં મહારાષ્ટ્રીયન પરિવારો વસવાટ કરે છે જેઓના મહારાષ્ટ્રમાં સીધા સંપર્ક હોવાથી આ ટ્રેનનો એમને બહોળો ફાયદો થશે.

### ટર્ન લેતા સમયે ટક્કર સર્જાઇ ,કારચાલક નશાની હાલતમાં હોવાની પ્રાથમિક માહિતી

# શહેરના લાલબાગ બ્રિજ પર કાર અને VMCના ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.13
વડોદરા શહેરમાં ટ્રાફિક અકસ્માતોની ઘટનાઓ સત વધી રહી છે. ત્યારે, વડોદરાના લાલબાગ બ્રિજ પરથી અવધૂત ફાટક તરફ જતા માર્ગ પર એક વધુ અકસ્માત સર્જાયો હતો. વીએમસીના ટ્રેક્ટર અને કાર વચ્ચે થયેલી ટક્કરના પગલે થોડા સમય માટે ટ્રાફિક ખોરવાયો હતો. કોર્પોરેશનનું ટ્રેક્ટર લાલબાગ બ્રિજ ઉતાર્યા બાદ અવધૂત ફાટક તરફ જવા માટે ટર્ન લઈ રહ્યું હતું. તે જ સમયે બ્રિજ પરથી ઝડપથી નીચે ઉતરી રહેલી એક કાર ટ્રેક્ટર સાથે ભટકાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનોને નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને સ્થળ પર મોટી સંખ્યામાં લોકટોળા ઉમટી પડ્યા હતા.

થોડા સમય માટે આ માર્ગ પર વાહનવ્યવહાર પણ ખોરવાયો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા થઈ નથી અને મોટી જાનહાની ટળી છે. ઘટના બાદ સ્થાનિકોએ કાર ચાલક નશાની હાલતમાં હોવાની પ્રાથમિક માહિતી આપી હતી.

કારમાંથી એક પ્લાસ્ટિકની બોટલમાં શરાબ જેવું પ્રવાહી ભરેલું પણ મળી આવ્યું હતું. અકસ્માતની ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચી હતી. પોલીસે બંને વાહનોને સાઈડ પર ખસેડી ટ્રાફિક પુનઃ ચાલુ કરાવ્યો હતો. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે અને સીસીટીવી ફૂટેજના આધારે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા આગળની કાર્યવાહી હાથધરી છે. શહેરના આ વ્યસ્ત બ્રિજ પર વારંવાર અકસ્માત સર્જાતા હોવાથી સ્થાનિકો દ્વારા ટ્રાફિક નિયમન અને સલામતીના પગલાં વધુ કડક બનાવવાની માંગ ઉઠી છે.

# રૂ.20 કરોડના મિલકત કૌભાંડમાં આરોપીના જામીન નામંજૂર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.13
પેસિફિકા લેકસાઈડ ડેવલપર્સ એલએલપીની આશરે રૂ.20 કરોડની મિલકતોના ખોટા વેચાણ દસ્તાવેજો અંગે ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપીઓએ જાન્યુઆરી 2026થી ફરિયાદીની કંપનીની ફેઝ-1 અને ફેઝ-2ની 13 વિલા અંગે ખોટા દસ્તાવેજો બનાવી, પોતાના મળતીયાઓને મિલકતો વેચી અને અલગ-અલગ બેંકોમાંથી લોન મેળવી હોવાનું જણાવ્યું હતું. આરોપીઓએ કંપનીની જાણ બહાર મિલકતો પર બોજો ઉભો કરી નાણાકીય લાભ મેળવ્યો હોવાનો આક્ષેપ છે. ડીજીપી એ એમ દેસાઈએ દલીલ કરી હતી કે ચિરાગ તડવીએ ત્રણ વિલા પોતાના નામે કરાવી બેંક લોન મેળવી હતી.

ઉપરાંત, સીડીઆર તપાસમાં મુખ્ય આરોપી નિશિત પંચાલ સાથે 36 વખત વાતચીત થયાનું સામે આવ્યું હતું. લોન માટે રજૂ કરાયેલા દસ્તાવેજોની ખરાઈ અને આવકના સ્ત્રોત અંગે તપાસ ચાલુ હોવાનું પણ કોર્ટે ધ્યાનમાં લીધું હતું. જેના કારણે અંતે આરોપીની કોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી









# પાણી સંગ્રહમાં સ્વચ્છતા અને લાંબા ગાળાની ટેક્નોલોજી વિકસાવાઈ

વડોદરાઃ સિન્ટેક્સે નવી પેઢીની પાણીની ટાંકી 'ઈટરનો' લોન્ચ કરી છે. 50 વર્ષની વોરંટી સાથે રજૂ કરાયેલી આ ટાંકી પાણીના સુરક્ષિત સંગ્રહ, સ્વચ્છતા અને લાંબા ગાળાની કામગીરીને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી છે. ઈટરનો 100 ટકા ફૂડ-ગ્રેડ વર્જિન પ્લાસ્ટિકમાંથી બનાવવામાં આવી છે. તેમાં 'એક્ટિવ સિલ્વર ટેકનોલોજી'નો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે શેવાળ, ફૂગ, બેક્ટેરિયા અને વાયરસની વૃદ્ધિ સામે રક્ષણ પૂરું પાડે છે. યુવી-પ્રોટેક્ટેડ થ્રેડેડ ઢાંકણું સૂર્યપ્રકાશની અસર ઘટાડવાની સાથે બહારથી થતું દૂષણ અટકાવવામાં મદદ કરે છે. ટાંકી RoHS યુરોપિયન ધોરણોને અનુરૂપ છે અને NSF 61 તથા NSF 372 પ્રમાણપત્રો ધરાવે છે.





